



દિવાળીનો ઝગમગાટ... દીપાવલી પર્વના આરંભ સાથે સામાજિક જીવનમાં નવો ઉત્સાહ અને ઉમંગ પ્રગટ્યો છે. અમદાવાદ - ગાંધીનગરના બજારોમાં ભીડ જામી છે. તો ઘરઆંગણે રંગોળી જામી છે. ઘરમંદિરથી લઈ જગજીવનના ખૂણે ખૂણે ઉમંગ પ્રસર્યો છે. દિવાળીના દિપ અજવાસ પાથરે છે. અંતરમાં ઉમંગ પથરાય છે. આમ દિવાળીનું પર્વ જનજીવન માટે મેળો છે. સંબંધોને વધુ મજબુત બનાવતું પર્વ જીવનને ધબકતું કરે છે. આવો... સૌ સાથે મળી ઉમંગના પર્વને ઉમળકાથી ઉજવીએ...

# ધનતેરસે સોનાની અને વાહનોની ખરીદીમાં તેજી

## ગુજરાતમાં પાંચ હજારથી વધુ કારની ડિલિવરી કરવામાં આવી : અમદાવાદમાં ૧૫૦ કિલો સુધી સોનાનું વેચાણ

અમદાવાદ,તા. ૨૯

ધનતેરસ પર્વની આ વખતે પરંપરાગત ઉજવણી કરવામાં આવ્યા બાદ આ વખતે અમદાવાદ સ્થિતિ જ્વેલર્સ અને ઓટો મોબાઈલ ડિલરોને પણ મજા પડી ગઈ છે. કારણ કે, સોના અને ઓટો મોબાઈલમાં વેચાણમાં ઉલ્લેખનીય વધારો થયો છે. આ વખતે ૩૦૦ કિલો સોનાનું વેચાણ થયું હોવાનું જાણવા મળ્યું છે. બીજી બાજુ ગુજરાતભરમાં પાંચ હજાર કારનું પણ વેચાણ થયું છે. આ વખતે ધનતેરસના દિવસે સોનાના કારોબારીઓ અને ઓટો મોબાઈલ સાથે જોડાયેલા ડિલરો ઉપર લક્ષ્મીના વરસાદ થયો હોવાના આંકડા સપાટી ઉપર આવ્યા છે.

ગયા વર્ષની સરખામણીમાં આ વખતે ઉલ્લેખનીય વધારો થયો છે. ઓટો માર્ટમાં આશરે ૧૫ ટકાનો વધારો થયો છે. રાજ્યભરમાં પાંચ હજાર કરતા વધારે કારની ડિલિવરી કરવામાં આવી ચુકી છે. સત્તાવાર આંકડો ખુબ ઓછો દર્શાવવામાં આવ્યો છે પરંતુ આ આંકડો આનાથી પણ વધુ હોઈ શકે છે. સોના ચાંદીના માર્કેટમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી છે. શુક્રવારના દિવસે આંકડા મુજબ ગુજરાતભરમાં ૩૦૦ કિલો સોનાનો કારોબાર થયો હતો. શહેર સ્થિત બુલિયન કારોબારીઓ દ્વારા આપવામાં આવેલા આંકડા મુજબ ઉંચી કિંમત હોવા છતાં આ વખતે સોનાના વેચાણમાં ઉલ્લેખનીય વધારો થયો છે. સોના અને ચાંદીની કિંમત શુક્રવારના દિવસે કારોબારના અંતે પ્રતિ ૧૦ ગ્રામ ક્રમશઃ ૨૯૯૦૦ અને ૪૨૫૦૦ ઉપર સ્થિત થઈ હતી. ૩૦૦ કિલો પૈકી અમદાવાદમાં ૧૦૦થી ૧૫૦ કિલો સોનાનું વેચાણ કરવામાં આવ્યું હતું. ગયા વર્ષની સરખામણીમાં આમાં ૧૫ ટકાથી વધુનો વધારો નોંધાઈ ચુક્યા છે. ચાંદીના સિક્કાની માંગ પણ ઉલ્લેખનીયરીતે વધી છે. મુહુર્ત આધારિત ખરીદીમાં તેની માંગ જોવા મળી હતી.

ઓટો મોબાઈલ માર્કેટમાં પણ લક્ષ્મીનો જોરદરા વરસાદ જોવા મળ્યો હતો. એકલા અમદાવાદ શહેરમાં ૩૦૦૦થી વધુ કારનું વેચાણ થઈ ચુક્યું છે. શહેર સ્થિત કાર ડિલરોનું કહેવું છે કે, આ મહિનાના ટાર્ગેટમાં ઉલ્લેખનીયરીતે વધારો થઈ રહ્યો છે. ધનતેરસ અને દશેરાના બે દિવસ દરમિયાન ઉલ્લેખનીય વેચાણ થયું હતું. દિવાળીના દિવસે પણ વેચાણ વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ટુ વ્હીલરના વેચાણમાં પણ ઉલ્લેખનીયરીતે વધારો થયો છે. આશરે ૧૫૦૦૦ ટુ વ્હીલરોનું વેચાણ અમદાવાદ સ્થિત શો રૂમ ઉપર ધનતેરસના દિવસે કરવામાં આવ્યું છે. હોન્ડાના જાણકાર લોકોનું કહેવું છે કે, ૭૦૦થી વધુ ટુ વ્હીલરોનું વેચાણ થયું છે. સ્કૂટરોની માંગ સૌથી વધુ જોવા મળી છે.

# ડીવાયએસઓની પરીક્ષામાં શહેરનો યુવાન રાજ્યમાં તૃતીય ક્રમે

## સે. ૨૯ના મૌલિક ત્રિવેદીએ ૨૦૮ ગુણ સાથે રાજ્યમાં તૃતીય અને એસસી કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સેક્ટર-૨૯માં રહેતા યુવાન મૌલિક દિનેશકુમાર ત્રિવેદીએ જીપીએસસીની ડીવાયએસઓની પરીક્ષામાં ગુજરાતમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શહેરનું ગૌરવ વધાર્યું છે. એટલું જ નહી પરંતુ આ યુવાને એસસી કેટેગરીમાં રાજ્યભરમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.



જીપીએસસી દ્વારા ગઈકાલે અપર કલાસ-૩ ડીવાયએસઓની પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું હતું. આ પરીક્ષામાં અંગ્રેજી, ગુજરાતી અને સામાન્ય જ્ઞાન એમ ત્રણ વિષયોના મળીને કુલ ૩૦૦ ગુણમાંથી ૨૦૮ ગુણ મેળવી સે. ૨૯માં સરકારી આવાસમાં રહેતા મૌલિક ત્રિવેદીએ રાજ્યભરમાં ત્રીજુ અને એસસી કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ડીવાયએસઓની પ્રિલિમ પરીક્ષા આશરે એક વર્ષ પહેલા લેવાઈ હતી. જ્યારે તેની મેઈન્સ પરીક્ષા ચાલુ વર્ષના ગત મે માસમાં લેવાઈ હતી. મૌલિક ત્રિવેદીએ રાજ્યભરમાં ત્રીજુ અને એસસી કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શહેરનું નામ રોશન કર્યું છે. તેમના પર મિત્રો, પરિવારજનો તથા શુભેચ્છકો તરફથી અભિનંદન વર્ષા કરાઈ રહી છે.

# મહેસાણામાં નાણાંકીય હિસાબના મામલે બે જુથો વચ્ચે અથડામણ

મહેસાણા, તા. ૨૯

મહેસાણા શહેરમાં સરદાર પટેલ ગૃપના કેટલક સભ્યો વચ્ચે નાણાંકીય હિસાબના પ્રશ્ને સામસામે અથડામણ થતાં દુકાનમાં તોડફોડ સાથે લૂંટના બનાવો બનતા જિલ્લામાં સનસનાટી મચી જવા પામી હતી.

મહેસાણા ખાતે બી.કે. રોડ પર આવેલ જોયેલહબ ટાઉનમાં સાંજના સમયે સરદાર પટેલ ગૃપના સભ્યો વચ્ચે એસ.પી.જી.ના હિસાબ માંગવાના પ્રશ્ને પાટીદાર સમાજના એસ.પી.જી.ના કેટલાક કાર્યકરો વચ્ચે બોલાચાલી બાદ મામલો ઉગ્ર બન્યો હતો અને ઝપાઝપી થઈ હતી. આ સમયે દુકાનની ખુરશી ટેબલની તોડફોડ કરી હતી. આ ઉપરાંત રોકડ રકમ તથા સોનાના દોરાની લૂંટ ચલાવવામાં આવી હતી.

આ અથડામણ સંદર્ભે પટેલ કૌશિક પ્રવિણભાઈ અને પટેલ જીગર મીઠાભાઈએ સામસામે ફરિયાદો નોંધાવતા મહેસાણા શહેર બી. ડીવીઝન પોલીસે ધાડના ગુનાઓ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઉપરોકત બંને ફરિયાદોમાં એક પક્ષે આરોપીઓ તેમજ સામા પક્ષે અગિયાર આરોપીઓનો ઉલ્લેખ કરાયેલ છે.

# અરવલ્લી જિલ્લામાં શનિવાર અને કાળી ચૌદશના શુભગ સમન્વયથી હનુમાનજીના મંદિરોમાં ભક્તોની ભારે ભીડ

અરવલ્લી, તા. ૨૯

અરવલ્લી જિલ્લામાં આવેલા હનુમાનજી દાદાના મંદિરોમાં શનિવાર અને કાળી ચૌદશનો શુભગ જિલ્લાના વિવિધ મંદિરોમાં હનુમાનજીના દર્શન કરવા ઉમટી પડશે. જિલ્લાના દલીલપુર અને સાકરીયા હનુમાનજીના મંદિરોમાં પરિસરને રોશનીથી શણગારવામાં આવ્યું હોવાથી જળહળી ઉઠ્યું હતું. હનુમાનજીના ભક્તોને પ્રસાદી રૂપે હજ્જારો કિલો બુંદીનો પ્રસાદ



સમન્વયથી લાખ્ખો શ્રદ્ધાળુઓ દર્શન માટે ઉમટી પડ્યા હતા. મોડાસા તાલુકાના સાકરીયા ગામે આવેલા સુપ્રસિદ્ધ સાકરીયા હનુમાન મંદિર ખાતે દર વર્ષની કાળી ચૌદશના રોજ હજ્જારોની સંખ્યામાં દર્શનાર્થીઓ દાદાની કૃપા મેળવવા ઉમટી પડતા હોય છે. સમગ્ર મંદિર પરિસરને રોશનીથી શણગારાતા ઝળહળી ઉઠ્યું હતું.

આ વર્ષે તા. ૨૯મી ઓક્ટોબર શનિવારની મોડી રાત્રી સુધી ભક્તો ભક્તોના દર્શન માટે દર્શનાર્થીઓના દર્શન કરી શકે તે માટે તમામ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. કાળી ચૌદશ અને શનિવાર એક જ દિવસ આવતા હોવાથી હનુમાન ભક્તોમાં આનંદ છવાયો છે. જિલ્લાના તમામ મંદિરોમાં ભક્તોનો વહેલી સવારથી જ ભારે ધસારો જોવા મળ્યો હતો. સાકરીયા હનુમાન દાદાની અલભ્ય મૂર્તિ સૂતેલી મુદ્રામાં હોવાથી ભક્તોમાં અનોખુ આકર્ષણ પેદા કરે છે. સાકરીયા હનુમાન મંદિર અને વહેંચવામાં આવ્યો હતો. કાળી ચૌદશે ભક્તો દ્વારા સાકરીયા હનુમાનજીના કાળો દોરો અને તાવિજની માંગ વધુ પ્રમાણમાં રહે છે.

કાળી ચૌદશના દિવસો અંધશ્રદ્ધા દૂર કરવા વિવિધ યુવક મંડળો દ્વારા રાત્રે ૯ વાગ્યાથી મધ્ય રાત્રી સુધી સ્મશાનોમાં ભજન મંડળી દ્વારા રામધૂન બોલાવવામાં આવશે તેવુ જિલ્લાના એક સામાજીક કાર્યકર અને અંધશ્રદ્ધા નિવારણનું કામ કરતા આકાશભાઈ દ્વારા જણાવાયું હતું.

# બ્રહ્માકુમારીઝના મુખ્યાલય ખાતે વિશ્વ દિપોત્સવી ત્રિદિવસીય મહોત્સવ પ્રારંભ

ડીસા, તા ૨૯

વર્તમાન સમયે જ્યારે દેશ અને દુનિયા માનવ સર્જીત અનેક સમસ્યાઓથી પરેશાન છે ત્યારે પરસ્પર સ્નેહ સદભાવ દ્વારા વિશ્વશાંતિ અને આત્મિય શાંતિ માટે વિશ્વ માનવે સામુહિક ધ્યાન-અધ્યાત્મ સશક્તિકરણ એ સમયની અનિવાર્યતા છે.

ઉપરોક્ત વરદાન આપતા બ્રહ્માકુમારીઝના ૧૦૧ વર્ષિય વડા ડૉ. દાદી જાનકીજીએ મા. આબુ સ્થિત ઓમશાંતિ ભવનમાં આગળ જણાવેલ કે એક વિશ્વ એક પરમાત્મા શ્રીમત અથક અધ્યાત્મ પુરૂષાર્થનું શ્રેષ્ઠ પરીણામ હશે. નજીકના ભવિષ્યમાં ફરી દિવ્ય સંસ્કૃતિ સંપન્ન સતયુગનું સ્વયંના આત્મ જાગૃતિના દ્દઢ સંકલ્પથી દિપાવલી મહોત્સવને સાચા અર્થમાં મનાવીએ. દાદીજીએ સ્વયંનું અધ્યાત્મ સશક્તિકરણ કરવા માનવમાત્રને આહવાહન કરેલ.

બ્રહ્માકુમારીઝ મિડીયાના શશીકાન્ત ત્રિવેદીના જણાવ્યાનુસાર વિશ્વના ૮૦ દેશોથી અધ્યાત્મ જાગૃતિ માટે વિશાળ સંખ્યામાં આવેલ મહાનુભાવોની ઉપસ્થિતિમાં ૬૫૦૦ દિપક પ્રજવલ્લિત કરી દાદાજીએ આજે ત્રિદિવસીય દિપોત્સવી મહોત્સવનો પ્રારંભ કરેલ, જેમાં સંગઠીત વિશ્વકલ્યાણ-શાંતિ સદભાવ હેતુ રાજયોગ તપસ્યા કરવામાં આવેલ.

રશીયા દેશથી આવેલ બ્રહ્માકુમારીઝ ડીવાઈન ગૃપ દ્વારા “ભારતીય દિવ્ય સંસ્કૃતિ”ની થીમ પર કલાકારોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી સર્વને મંત્રમુગ્ધ કરેલ. આંતર રાષ્ટ્રિય કલાકારો દ્વારા અસાધારણ રંગોળી દિપક શ્રૃંગાર-દિવ્ય દૈવી ઝાંખી સાથે સાક્ષાત સતયુગનો અનુભવ ઉપસ્થિત હજારો મહાનુભાવોને કરાવેલ.

આ સમારંભમાં બ્રહ્માકુમારીઝના દાદાજીઓ વરિષ્ઠ રાજયોગી બ્રહ્માકુમારી બહેનો-ભાઈઓએ પોતાનું ઉદ્‌બોધન કરેલ, વિશ્વભરના ૧૪૦ દેશોમાં ૮૫૦૦ સેવાકેન્દ્રો પર અધ્યાત્મ સશક્તિકરણ હેતુ દિપોત્સવ કાર્યક્રમ યોજાશે.

# મોડાસા ખાતે દિવાળી પર્વે ભવ્ય આશતબાજી

સર્વોદયનગર પ્રા. શાળામાં મોડાસાના પછાત વિસ્તારના ગરીબ બાળકો દિવાળી ઉત્સવ ઉજવણી માટે જિલ્લા પ્રશાસન તંત્ર તરફથી મા. મેયર સા.ના અધ્યક્ષસ્થાને ભવ્ય કાર્યક્રમ યોજાયો. જેમાં ગરીબ બાળકોને મીઠાઈ તેમજ દારુખાનાની કીટ કુલ ૩૦૦ બાળકોને આપવામાં આવી. જિલ્લામાં સૌ પ્રથમ દિવાળી ઉત્સવનો કાર્યક્રમ યોજી બાળકોમાં દિવાળી ઉત્સવનો આનંદ વધારેલ છે. મા. કલેક્ટરે બાળકોને સ્વચ્છતા વિશે ચર્ચા કરી તેમજ શૌચાલયનો ઉપયોગ કરવા માટે આગ્રહ રાખ્યો. તેમજ સ્વચ્છતા પર વધુ ભાર મુકી દિવાળીની શુભેચ્છા પાઠવી હતી. નવું વર્ષ સુખદાયી પસાર થાય તેમ શુભેચ્છા આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિવશંકર જોષીએ તેમજ ભરતભાઈ પંચાલ સર્વોદયનગર પ્રાથમિક શાળાએ કરેલ છે.

# યુવક સેવા દ્વારા અરવલ્લીમાં વિવિધ તાલીમ શિબિર યોજાશે

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી અરવલ્લી દ્વારા જિલ્લાકક્ષાની યુવક નેતૃત્વ તાલીમ શિબિર, જિલ્લા કક્ષાની યોગાસન તાલીમ શિબિર, અનુસૂચિત જાતિના યુવક અને યુવતીઓની વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર, અનુસૂચિત જન જાતિના યુવક અને યુવતીઓની વ્યક્તીત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિરનું આગામી તા. ૧૪-૧૧-૨૦૧૬ થી ૨૦-૧૧-૨૦૧૬ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ૧૫ થી ૩૫ વર્ષની ઉંમર ધરાવતા કોઈ પણ ભાગ લઈ શકે છે. ભાગ લેવા માટે પોતાના સ્વહસ્તાક્ષરે અરજી કરવાની રહેશે. જેમાં પુરૂ નામ, સરનામુ, જન્મ તારીખ, અભ્યાસ, વ્યવસાય સંપર્ક નંબર, પાસપોર્ટ સાઈજનો ફોટો લગાડવાનો રહેશે. આવેલ અરજી પૈકી શિબિરાર્થીની પસંદગી કરી પસંદગી થયેલને વિગતવાર કાર્યક્રમની જાણ કરવામાં આવશે.



# દિવાળી ટાણે ચોપડાપુજન માટે લેવાતા લાલ ચોપડાઓનું મહત્વ ઘટ્યું

દિવાળીના સમયે વર્ષો પહેલાં વેપારીઓ, પેઢીઓ દ્વારા શુભ મુહૂર્તમાં ચોપડાઓની ખરીદી કરવામાં આવતી હતી. ચોપડાઓનું પુજન વિધિ કરી નવા વર્ષ દરમિયાનનો હિસાબ ચોપડાઓમાં લખવામાં આવતો હતો. સમય બદલાતા હવે હિસાબો કોમ્પ્યુટરમાં થવા લાગ્યા છે. જેના લીધે હવે માત્ર શુકન પુરતા જ ચોપડાઓની ખરીદી કરવામાં આવતી હોય છે. હવે નાના મોટા સૌ વેપારીઓ પોતાનો હિસાબ કોમ્પ્યુટરમાં જ લખાવે છે જેના લીધે વર્ષો પહેલાની ચોપડાઓમાં હિસાબ લખવાની પરંપરા ભુલાતી જતી હોય તેવું લાગી રહ્યું છે. પહેલાના સમયમાં દિવાળી પુર્વે ચોપડાઓની ખરીદી માટે દુકાનોમાં એડવાન્સ બુકિંગ થઈ જતુ હતુ ત્યારે હાલ માત્ર પુજન માટે જ ચોપડાઓની ખરીદી થતી હોઈ તેવું વેપારીઓએ જણાવ્યું હતું.

# પાલનપુરમાં કાળી ચૌદશે હનુમાનજીના મંદિરે ઉમટ્યું ભક્તિનું ઘોડાપુર

## કંથેરીયા હનુમાનમાં ૩૫ વર્ષથી યોજાય છે મારૂતિ મહાયજ્ઞ : ૨૪ કલાક ચાલતા હવનની દિપાવલીના સવારે થશે પૂર્ણાહૂતિ

પાલનપુર, તા. ૨૯

દિપાવલીના તહેવારોમાં કાળી ચૌદશનો દિવસ તંત્ર-મંત્ર અને સાધનાના દિવસ તરીકે અનેરૂ માહાત્મ્ય ધરાવે છે. ત્યારે આજે પાલનપુરના કંથેરીયા હનુમાન મંદિર ખાતે શ્રી હનુમાનદાદાનો હવન યોજવામાં આવ્યો છે. છેલ્લા ૩૫ વર્ષથી કાળી ચૌદશે ૨૪ કલાકનો હવન કરવામાં આવે છે. જેનો મોટી સંખ્યામાં ભાવિક ભક્તો લાભ લઈ ધન્યતા અનુભવે છે.

કાળી ચૌદશના દિવસે મંત્ર-તંત્ર અને સાધના સ્વામી શ્રી હનુમાનજી અને શ્રી મહાકાળી માતાના મંદિરે ભક્તોની ભારે ભીડ જોવા મળે છે. પાલનપુરમાં હનુમાનજીના દરેક મંદિરોએ આજે વિશેષ હવન સહિતની પૂજા-આરાધના કરવામાં આવે છે. જેમાં



છેલ્લા ૩૫ વર્ષથી શહેરના કંથેરીયા હનુમાનજીના મંદિરે ૨૪ કલાકનો હવન યોજવામાં આવે છે. કાળી ચૌદસની આખી રાત ચાલતા હવનની દિપાવલીના સવારે આઠ વાગે પૂર્ણાહૂતિ થશે. જો કે, કંથેરીયા હનુમાનના મહંતના જણાવ્યા મુજબ ભગવાન હનુમાનજી સાત્વિક દેવ છે. હનુમાનજીનો પૂજારી તાંત્રિક હોય કે તે, મેલી વિદ્યા કરતો હોય તો તેની દુર્ગતિ થતી હોવાનું કંથેરીયા હનુમાન મંદિરના મહંત ક્ષિપ્રાગીરીજીએ જણાવ્યું હતું.

કાળી ચૌદશ એ તંત્ર સાધનાનો દિવસ છે. ત્યારે આજે રાત્રે ચંદ્ર દેવની સાક્ષીએ મલિન દેવતાઓના સહારે ભુવાઓ અને તાંત્રિકો વશીકરણ, મોહન, સંમોહન જેવી તાંત્રિક વિધીઓ સિદ્ધ કરશે તેવું પાલનપુરના જાણીતા જ્યોતિષાચાર્યએ જણાવ્યું હતુ. આમ, પાલનપુરમાં આજે કાળી ચૌદશે, જેનાથી ભુત-પ્રેત જોજનો દૂર ભાગી જાય છે તેવા હનુમાનદાદાના મંદિરે મહા મારૂતિ-મહા યજ્ઞ સહિતની પૂજા-આરાધનામાં ભાગ લેવા ભક્તોની ભારે ભીડ જામી હતી.